જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૧/૨૦૨૫ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૩૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬ લીટર દેશી દારૂ, ૫૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ,૪૮ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૫૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૬૪૧/૨૦૨૫**

નવરંગપુરાઃ રૂષાંગ અરવિંદભાઈ સોની (ઉ.વ.૩૮) (રહે. રીવેરા–૩૦ સફલ પેગાસીસ સામે પ્રહલાદનગર સેટેલાઈટ) એ તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સુવર્ણ શિલ્પી જ્વેલર્સ પ્રા.લી.ની સ્મૃતિકુંજ નરનારાયણ કોમ્પલેક્ષ સામે સ્વસ્તિક ચાર રસ્તા પાસે નવરંગપુરા ખાતે આવેલ પોતાની ફેક્ટરીમાં કામ કરતા કારીગર (૧) શાહનવાઝ જમાલભાઈ મંડળ (૨) મેહરાજ મંડળ તથા (૩) સરફરાઝ મંડળ (તમામ રહે. આઈકોન ફ્લેટ આલીશાન કોમ્પલેક્ષ પાસે દાણીલીમડા બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે દાણીલીમડા, મુળ વતન. ગામ–મુસ્તફાપુર કમારકુંડુ તા–સિંગુર જી–હુંગ્લી વેસ્ટ બેંગાલ) નાઓએ ભેગામળી તા.૦૧/૦૩/૨૦૨૫ થી તા.૩૧/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન રૂષાંગ સોનીની ફેક્ટરીમાં દાગીના બનાવવાના કારીગર તરીકે રૂષાંગ સોનીની ફેક્ટરીમાં કામ પર રહી દાગીના બનાવવા આપેલ ૨૨ કેરેટ ગોલ્ડમાંથી રૂષાંગ સોનીની જાણ બહાર સોનાના વજનમાં ઘટ કરી બાકી રહેલ કુલ ૧૬૨૬.૧૨૦ ગ્રામ ૨૨ કેરેટ ગોલ્ડ કિમત રૂપિયા ૧,૪૫,૦૦,૦૦૦/– મેળવી લઈ રૂષાંગ સોની સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.એ.ગઢવી ચલાવે છે.

વેજલપુરઃ પુનમબહેન વા/ઓ અશોકભાઇ પરમાર (ઉ.વ.૫૫) (રહે. રોહીતવાસ ગાયત્રીનગરની બાજુમાં સરખેજ ગામ) તા.૨૦/૧૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે સોનલ રોડ ખાતે આવેલ શાકમાર્કેટ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્કુટર ઉપર આવેલ બે પુરૂષો સરનામું પુછવાના બહાને પુનમબહેન નજીક આવ્યા હતા અને ખોડીયાર માતાનું મંદિર ક્યાં આવેલ છે તેવું પુછતા પુનમબહેન પરમારે જણાવેલ કે ખોડીયાર માતાનું મંદિર આ વિસ્તારમાં નથી તેમ કહેતા સ્કુટર ચાલકે જણાવેલ કે હું ખોડીયાર માતાનો ભુવો છું તેમ કહી પૈસા માંગતા પુનમબહેને દસ રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ પુનમબહેન પરમારને વાતોમાં ભોળવી પુનમબહેન પરમારના કાનની બુટ્ટી કાઢી આપવાનું કહી પરત આપવાનું જણાવતા પુનમબહેન પરમારે પહેરેલ કાનની સોનાની બુટ્ટી કિમત રૂપિયા ૨૦,૦૦૦/– તેઓને આપી હતી. ત્યારબાદ થોડે આગળ આવો એટલે પરત આપીશ તેમ કહી સોનાની બુટ્ટી મેળવી લઈ ત્યાથી પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ પુનમબહેન પરમાર એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.બોરખતરીયા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૬૪૨/૨૦૨૫**

કૃષ્ણનગરઃ જનકકુમાર પુરૂસોત્તમદાસ પટેલ (રહે. સફલ પ્લાઝા જન સેવા કેન્દ્રની બાજુમાં નવા નરોડા) એ તા.૨૦/૧૧/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૧/૨૦૨૫ રાતના ૯/૩૦ થી તા.૧૬/૧૧/૨૦૨૫ કલાક ૦૫/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રહેણાંક નજીક પોતાની દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનના કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/– ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વિ.જે.ચાવડા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૬૪૩/૨૦૨૫**

ખોખરાઃ વિપુલભાઇ ગુણવંતરાય આનંદપરા (ઉ.વ.૫૦) (રહે. દીપ સાગર એપાર્ટમેન્ટ મણીનગર ઇસ્ટ) એ અગમ્ય કારણસર તા.૧૪/૧૧/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મુકેશસિંહ જીવણજી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી